# ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

(Accredited By NAAC : 'B+' Grade)

વર્ષ : ૯ ઓગસ્ટ-૨૦૧૭ થી ઓક્ટોબર-૨૦૧૭ * વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- * છૂટક નકલ રૂા. ૫/- સળંગ અંક : ૫૬



**તંત્રીશ્રી :**
પ્રિ. ડૉ. વિમલ જોષી

**મદદનીશ તંત્રીશ્રી :**
શ્રી સુમનભાઈ પારેખ (ગ્રંથપાલ)
ડૉ. ગિરીશ ચૌધરી

**સહ તંત્રીશ્રીઓ :**
ડૉ. વિજય પટેલ
ડૉ. કે. આર. વણકર
ડૉ. ઉમેશભાઈ એન. પટેલ
પ્રા. એ. વી. પંડ્યા
પ્રા. બી. ડી. જોષી
ડૉ. અલ્પેશ પ્રજાપતિ
શ્રી પરેશ પટેલ

**વિદ્યાર્થી સંપાદકો :**
બોડાણા અંકિતા
ચુનારા અરૂણ એસ.

**ફોટોગ્રાફર :**
શ્રી રાજુલ એસ. પરમાર



**પ્રકાશક :**
શ્રી આર. કે. પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮ ૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

E-mail : petladartsandscience@gmail.com

Website : www.petladcollege.com


## નૂતન વર્ષાભિનંદન

સંવત ૨૦૭૩નું વર્ષ વિદાય લઇ રહ્યું છે અને સંવત ૨૦૭૪નું વર્ષ નવી આશા અને ઉમંગો સાથે આપણાં જીવનમાં પ્રવેશવા થનગની રહયું છે ત્યારે વીતેલા વર્ષ ઉપર એક દષ્ટિપાત કરવી જરૂરી બને છે. વીતેલા વર્ષનું સરવૈયું લક્ષ્યસિદ્ધિ માટે ઉપયોગી બની રહે છે. નૂતન વર્ષે સૌ કોઇ પોતાની જિંદગીને નવી દિશા આપવા સંકલ્પો લેતા હોય છે અને સંકલ્પસિદ્ધિ અર્થે પ્રયત્નશીલ બનતા હોય છે પણ પોતે સેવેલાં સંકલ્પોમાં કેટલા સફળ થયા એનું મૂલ્યાંકન કરવું એટલું જ જરૂરી છે. વિદ્યાર્થી વિદ્યાભ્યાસમાં ઉન્નતિ કરવા માટેનાં સંકલ્પો કરે તો શિક્ષક પોતાનો શૈક્ષણિક ગ્રાફ વધારવા સંકલ્પ કરે. એ જ રીતે ખેડૂત, વેપારી, ડૉક્ટર, વકીલ, એન્જિનિયર, સમાજસેવક, મુમુક્ષુ....બધા જ પોત-પોતાના ક્ષેત્રમાં પ્રગતિનાં સોપાનો સર કરવા સંકલ્પો લેતા હોય છે, ત્યારે વીતેલા વર્ષનું વિહંગાવલોકન કરતાં માલૂમ પડશે કે પોતે ક્યાં હતા, ક્યાં પહોંચ્યા છે અને ક્યાં પહોંચવાનું હતું તેનું સ્પષ્ટ ચિત્ર મળી રહે છે. વીતેલા વર્ષમાં ઉન્નતિના માર્ગમાં આવેલાં વ્યવધાનો-અંતરાયો વિશે ચિંતન કરી સંકલ્પસિદ્ધિ માટે બાધક નીવડેલાં વિઘ્નોને દૂર કરી, નવા વર્ષે નવા જોમ સાથે નવા સંકલ્પો લઇ સંકલ્પ સિદ્ધિ માટે કટિબદ્ધ થવાનું છે.

દિવાળીનું પર્વ પ્રકાશનું પર્વ છે. દીપાવલીમાં પ્રગટાવાતો દીપક પાત્રતા, સ્નેહ, પ્રકાશ અને જ્ઞાનનું પ્રતીક છે. દીપાવલી પૂજનનો મૂળ ઉદ્દેશ જ સર્વ પ્રકારના અંધકારને દૂર કરવાનો છે અને જીવનમાં ઉજાસ પ્રગટાવવાનો છે. માટે જ વૈદિક વાણીમાં કહેવાયું છે -

'અસતો મા સદ્ગમય, તમસો મા જયોતિર્ગમય ।
મૃત્યોર્મા અમૃતં ગમય, ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।।'

માનવીની પરમ ગતિ અસત્ અને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફની છે. નૂતન વર્ષે આપણે સૌ વૈયક્તિક ઉન્નતિના સંકલ્પો જરૂર કરીએ પણ આપણે જાણીએ છીએ તેમ માનવીનું ખરું માહાત્મ્ય માનવ્યને દીપાવવામાં રહેલું છે. માટે પરમાર્થે જીવન વ્યતીત કરવાનો સંકલ્પ પણ લઇએ, રાષ્ટ્ર અને સમગ્ર વિશ્વ સાથે શાંતિભરી સંવાદિતા સ્થાપવાનો સંકલ્પ કરીએ. ''સૌ મારામાં વસે ને સૌ માં વસું હું.'' એવી વિશાળ 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવના ચરિતાર્થ કરીએ. રાષ્ટ્રની ઉન્નતિ અને પર્યાવરણના જતનમાં આપણે યત્કિંચિત યોગદાન કરીએ. નિષ્પ્રપંચ અને અકૃત્રિમ બનીને સાહજિક આનંદમય જીવન જીવવા કૃતનિશ્ચયી બનીએ.

આપ સર્વને હું દીપાવલી અને નૂતનવર્ષની શુભેચ્છાઓ પાઠવું છું કે આપ સર્વનું મન-અંતર વિકસિત થાઓ, આપનું જીવન ઓજસ્વી અને ઉર્ધ્વગામી બની રહો, આપનું જીવન ઝળહળ પ્રકાશથી ઉજ્જવળ બની રહો આપ સૌના જીવનમાં સમૃદ્ધિ, શાંતિ, સ્વસ્થતા અને સંતુષ્ટિ બની રહે એ માટે પ્રભુને પ્રાર્થના...

'સર્વે ભવન્તુ સુખિનઃ સંતુ સર્વે સંતુ નિરામયા ।
સર્વે ભદ્રાણી પશ્યન્તુ મા કશ્ચિદ દુઃખભાકભવિત ।।'

- પ્રિ. ડૉ. વિમલ જોષી

# તહેવારોનો બદલાતો દષ્ટિકોણ અને પ્રદૂષણ



૨૧ મી સદીનો પ્રારંભ થઇ ચૂકયો છે અને આ ૨૧મી સદીની શરૂઆતની સાથે જ દેશમાં ઘણી બધી સમસ્યાઓ પણ વધતી જ જાય છે. જેમકે, સ્ત્રીઓની સમસ્યાઓ, વસ્તી વિસ્ફોટની સમસ્યા, નશાખોરી, પ્રદૂષણની સમસ્યા વગેરે અનેક સમસ્યાઓ પ્રવર્તતી જ રહે છે. અને વધુ ને વધુ વિકટ બનતી જાય છે. તેવામાં આપણે વાત કરીએ પ્રદૂષણની સમસ્યાની. આજે પ્રદૂષણની સમસ્યા એક ગંભીર પડકારરૂપ બની રહી છે. અને માત્ર આપણા દેશની નહિ પરંતુ સમગ્ર વિશ્વની સામે એક મોટા પડકાર સમાન બની રહી છે. આજે વિશ્વએ તેના વિકસિત દેશોએ અશકય કાર્યોને શકય બનાવી દીધા છે. વિશ્વના મહાન વૈજ્ઞાનિકો અને બુદ્ધિશાળી વ્યકિતઓએ અશકયને શકય બનાવ્યું છે. જર્મની, જાપાન, ચીન જેવા વિકસિત દેશોએ ઔદ્યોગિક ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ સાધી છે. ઇઝરાયલ જેવા દેશે કૃષિક્ષેત્રે ઘણી ઊંચી સિદ્ધિઓ હાંસલ કરી છે. ભારત દેશ પણ વિકાસશીલ દેશમાંથી હવે વિકસીત દેશ બનવા માટે પ્રયાસ કરી રહયો છે. આમ, વિશ્વએ આટલી હદ સુધી પ્રગતિ કરી હોવા છતાં પણ તે પ્રદૂષણની સમસ્યાને હલ કરી શકતું નથી. અને તેને કારણે પર્યાવરણીય સંતુલન ખોરવાય છે, પર્યાવરણીય અસંતુલન ઊભું થાય છે. તેના પરિણામરૂપે પ્રાકૃતિક તત્ત્વોના અસંતુલનથી માનવી સામે પર્યાવરણીય પડકારો ઉભા થાય છે. અને કહેવાય છે કે ભારતમાં પ્રદૂષણ જેવી અનેક પર્યાવરણીય સમસ્યાઓઓનો પ્રારંભ બ્રિટિશ યુગ દરમિયાન થયો. અને પ્રાકૃતિક સંસાધનોનો અખૂટ ભંડાર એવા ભારત દેશને બ્રિટિશરો અનેક પર્યાવરણીય સમસ્યાઓ ઉદ્યોગોનો વિકાસ કરવા માટે વારસામાં આપી ગયા. આઝાદી પછીના સમયમાં આ સમસ્યાઓ વધુ ને વધુ વિકટ બનતી ગઇ છે. જોકે ૧૯૮૦ પછીથી ભારતની સુપ્રિમ કોર્ટે સક્રિયપણે પર્યાવરણીય સમસ્યા પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કર્યુ. તેણે પર્યાવરણીય ન્યાયશાસ્ત્રમાં નવા પરિવર્તનો દાખલ કર્યા. અને જાહેર હિતની અરજી અને સુપ્રિમ કોર્ટનું વલણ છતાં  ભારતમાં પર્યવરણ પરિસ્થિતિમાં વ્યાપક સુધારણા થઈ શકયા નથી. તે પણ એક વાસ્તવિકતા છે.

પ્રદૂષણ માટે અનેક પરિબળો જવાબદાર છે. જેમકે ઉદ્યોગો, વાહનવ્યવહાર, કૃષિકીય પ્રવૃત્તિઓ વગેરે જયારે માનવી દ્વારા થતી કેટલીક ધાર્મિક પ્રવૃતિઓને કારણે પણ પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે આપણે કુદરતે બક્ષેલ પ્રાકૃતિક તત્ત્વોની અમાનતને નુકસાન પહોંચાડીએ છીએ. અને ઉપરોકત પરિબળોને કારણે આપણે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે જ પ્રકૃતિનું એટલે કે હવાનું પ્રદૂષણ, જળ પ્રદૂષણ, જમીન પ્રદૂષણ, અવાજનું પ્રદૂષણ વગેરે અનેક પ્રકારે પ્રદૂષણ થાય છે. રાષ્ટ્રીય સંશોધન કાઉન્સીલ, યુ.એસ.એ. (૧૯૬૫) અનુસાર ''પ્રદૂષણ હવા, ભૂમિ અને જળની ભૌતિક, રાસાયણિક કે જીવશાસ્ત્રીય લાક્ષણિકતાઓમાં થતું અનિચ્છનીય પરિવર્તન છે.'' જે માનવજીવન કે અન્ય જીવો પર આપણી ઔદ્યોગિક પ્રક્રિયાઓ, જીવનની પરિસ્થિતિઓ સાંસ્કૃતિક અસ્કયામતો પર હાનિકારક અસર કરે છે, આપણાં ભૌતિક સંસાધનોનો બગાડ કરે છે, કે તેનું અધઃપતન કરે છે. ઉદ્યોગોના, વાહાન વ્યવહારના ધુમાડા, ઔદ્યોગિક કચરાને કારણે જળ અને જમીનનું પ્રદૂષણ, ઔદ્યોગિક યંત્રોના અવાજને કારણે અવાજનું પ્રદૂષણ, કૃષિક્ષેત્રે ઉપયોગમાં લેવાતા જંતુનાશકો અને રાસાયણિક ખાતરોને કારણે જમીનનું પ્રદૂષણ તો થાય છે જ. અને અણુઓ-પરમાણુઓના થતા વૈજ્ઞાનિક અખતરાઓને કારણે કિરણોત્સર્ગી પ્રદૂષણ પણ થાય છે.

આપણે આગળ વાત કરી તેમ વાહનવ્યવહાર, ઉદ્યોગો, કૃષિકીય પ્રવૃત્તિઓ વગેરેને કારણે તો પ્રદૂષણ થાય છે જ. અને તેના માટે ઉદ્યોગો કે વાહનવ્યવહાર કે કૃષિ તો બંધ ન જ કરી શકાય. પણ હા, તેમાં ઘટાડો કરી શકાય છે. જયારે ધાર્મિક પ્રવૃતિઓ, તેમાં આપણે ચોકકસ કાંઇ કરી શકીએ છીએ. જેમ કે દસેક દિવસ પહેલાં જ ગણેશચતુર્થીનો ઉત્સવ આવ્યો ને સૌ કોઇએ ગણેશચતુર્થીના રંગે રંગાઇને તે ઉત્સવને ભરપૂર આનંદ સાથે ઉજવ્યો. પણ તે સાંજે જ ઘણાં પ્રકારે પ્રદૂષણ પણ થયું. જેમ કે ગણેશ સ્થાપના કરવાની સાથે જ મોટા-મોટા લાઉડ સ્પીકરો ખૂબ જ મોટા અવાજે વગાડવામાં આવ્યા હશે. અને તેના કારણે ત્યાં આસપાસ રહેતી તમામ વ્યકિતઓને અવાજના પ્રદૂષણનો સામનો કરવો પડયો હશે. અને બાળકો ખૂબ જ કુમળા હોવાથી તેઓને ખૂબ જ નુકસાન પહોંચ્યું હશે. આ ઉપરાંત રાત્રે પણ મધ્યરાત્રિ સુધી લાઉડલી સ્પીકરો વગાડવાથી વૃદ્ધો અને બાળકોને તકલીફ પડે છે. અને તે પહેલાં જે ઉત્સવ ગયો તે છે દશામાના વ્રતનો ઉત્સવ. તેમાં પણ દસ દિવસ સુધી મધ્યરાત્રિ સુધી ગરબા રમવા માટે લાઉડલી સ્પીકરો વગાડવાથી અવાજનું પ્રદૂષણ થાય છે. કારણ કે વિજ્ઞાને માનવીની સાંભળવાની એક ક્ષમતા (મર્યાદા) નકકી કરી છે. અને માત્ર માનવી જ નહિ પશુ-પક્ષીઓ, જીવજંતુઓની પણ સાંભળવાની એક મર્યાદા છે. અને તેને ડેસીબલ એકમ દ્વારા નકકી કરવામાં આવી છે. અને જો તે મર્યાદાને આળંગવામાં આવે તો કાનને નુકસાન પહોંચે છે. અને લોહી વહેવા માંડે છે. આ ઉપરાંત મંદિરોમાં પણ ખૂબ જ લાઉડલી સ્પીકરો વગાડવામાં આવે છે. આ ઉપરાંત ગણેશવિસર્જન અને દશામા-વિસર્જન વગેરે વિસર્જન વખતે ગણેશ ભગવાનની તમામ ધાર્મિક વિધિની સામગ્રી સાથે કચરો પણ નદી-દરિયામાં કે તળાવમાં ફેંકી દેવામાં આવે છે. જેને પરિણામે જળ પ્રદૂષણ થાય છે. અને નદીમાં કે દરિયામાં રહેલા જીવોને પણ નુકસાન પહોંચે છે. આ ઉપરાંત આપણા હિંદુ ધર્મમાં નદીઓને, દરિયાને પરમ પવિત્ર ગણવામાં આવે છે. તેને કારણે હજારો લોકો ગંગા નદીના તટે સ્નાન કરવા માટે જાય છે. અને અનેક ધાર્મિક વિધિઓનો કચરો નદીમાં ફેંકે છે. તેને કારણે ગંગા-યમુના જેવી નદીઓના પાણી પ્રદૂષિત થાય છે. અને તેના શુદ્ધિકરણ માટે સરકારે ઘણી યોજનાઓ પણ બનાવવી પડે છે. પરંતુ તે સંપૂર્ણપણે સફળ થઇ શકતી નથી. આ ઉરાંત દિવાળીમાં દારૂખાનું ફોડવાને કારણે પણ હવા અને અવાજનું પ્રદૂષણ થાય છે, ઉતરાયણમાં પતંગદોરીને કારણે પક્ષીઓને નુકસાન પહોંચે છે, હોળીમાં લાકડાના દહનથી વાયુ પ્રદૂષણ થાય છે, નવરાત્રિમાં મોડી રાત સુધી લાઉડ સ્પીકરોને કારણે ધ્વનિ પ્રદૂષણ થાય છે.

આમ, આપણા તહેવારોને ઉજવવાનો બદલાતો દષ્ટિકોણ આપણી પ્રદૂષણની સમસ્યાઓમાં વધારો કરતા જાય છે. આ સમસ્યાઓના સમાધાન માટે જાગૃત નાગરિક તરીકે આપણે સહુ ભેગાં મળીને ઉત્સવો અને તહેવારોને પ્રકૃતિના સંદર્ભમાં ઉજવવાનું શરૂ કરીએ. શાળા, કોલેજ, શેરી-નાટક, સંચાર-માધ્યમો વગરે દ્વારા પ્રદૂષણને અટકાવવા પ્રયત્નો કરવા જોઇએ. સરકાર અને એન.જી.ઓ. દ્વારા જુદા-જુદા પ્રયત્નોના માધ્યમથી આ સમસ્યાનું સમાધાન લાવી શકાય છે.

– બોડાણા અંકિતા એ. સમાજશાસ્ત્ર, સેમ-૫

# સમાજમાં શિક્ષણ-શિક્ષકનું મહત્ત્વ

એક ચિંતકે કહ્યું કે “એક શાળા ઊઘડે છે ત્યારે દસ જેલો બંધ થાય છે.” આ વિધાનમાં શિક્ષણનું મહત્ત્વ સૂચવાયું છે. શિક્ષક અને શિક્ષણની શકિતનો પરિચય કરાવતાં ચાણક્યે કહ્યું હતું કે.....,
“શિક્ષક કભી સાધારણ નહીં હોતા, સર્જન ઔર પ્રલય ઉસકી ગોદ મેં પલતે હૈ.”

સંતો-મહંતો, ઉપદેશકો અને સમાજ સુધારકો મળીને વર્ષોની જહેમત પછી પણ જે કાર્ય નથી કરી શકતા તે કાર્ય નથી કરી શકતા તે તે એક શિક્ષક સહેજ વારમાં કરી શકે છ.

વિશ્વ-સાક્ષારતાની દૃષ્ટિએ આપણો દેશ બહુ જ નીચો સાક્ષરતા દર ધરાવે છે. અહીં સરેરાશ સો વ્યકિતઓમાંથી બાવન વ્યકિતઓ લખી-વાંચી શકે છે. આપણાં દેશનું સાક્ષરતા પ્રમાણ મ્યાનમાર, ઝામ્બીયા જેવા દેશો કરતા પણ ઓછું છે. રાજસ્થાનના બાડમેર જિલ્લામાં પુખ્ત ઉંમરની સ્ત્રીઓમાં તો સાક્ષરતાનું પ્રમાણ નહિવત છે. ત્યાં પુખ્ત ઉંમરની સો સ્ત્રીઓમાંથી ફક્ત ૧૨ સ્ત્રીઓ જ લખી-વાંચી શકે છે. ઈ.સ. ૧૯૯૪ ના માનવ વિકાસ અહેવાલને આધારે શિક્ષણનું ઓછું પ્રમાણ ધરાવતા ૮૯ દેશોમાં આપણો દેશ ૬૮ માં ક્રમે હતો.

ભૌગોલિક વિસ્તાર અને વસ્તીની દૃષ્ટિએ વિશ્વમાં ભારત સૌથી મોટો લોકશાહી દેશ છે. લોકશાહી પ્રણાલિકા મુજબ અહીં નિયમિત ચૂંટણી યોજાય છે. પણ દેશના અસંખ્ય મતદારો મતપત્રકમાં ઉમેદવારોના નામ પણ વાંચી શકતા ન હોવાથી ઉમેદરવારનું નિશાન જોઈને જ મત આપી આવે છે. અને હસ્તાક્ષરને સ્થાને પોતાનો અંગૂઠો લગાવે છે. ભારત જેવા લોકશાહી દેશ માટે આથી વધુ શરમજનક બાબત બીજી કઈ હોઈ શકે. જે દેશની ૪૮% જેટલી વસ્તી નિરક્ષર હોય એવા દેશમાં લોકશાહીની સફળતાની આશા કેવી રીતે રાખી શકાય ? નિરક્ષર મતદારો સ્થાનિક આગેવાનોથી ગેરમાર્ગે દોરવાઈ જાય છે. અભણ મતદારોને લાલચો આપીને તેમના મતો ખરીદી લેવામાં આવે તે આપણા દેશમાં સ્વાભાવિક બની ગયું છે. આપણો દેશ જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રે ગમે તેટલી પ્રગતિ કરે પણ આટલા મોટા પ્રમાણમાં પ્રજા નિરક્ષર હોય તેને વિજ્ઞાનની પ્રગતિનો લાભ ક્યાંથી મળી શકે ? સાક્ષરતાના અભાવે ગમે તેટલા ઉતમ પુસ્તકો પણ જ્ઞાનનો પ્રચાર પ્રસાર કરવામાં નિષ્ફળ જ પુરવાર થાય.



મહાન દેશનેતાઓ, અમર શહીદોના ત્યાગ અને બલિદાનને પ્રતાપે આપણને મહામૂલી સ્વતંત્રતા મળી છે. સુશિક્ષિત અને સંસ્કારી પ્રજા જ એક સ્વતંત્ર દેશના આન-બાન-શાનની રક્ષા કરી શકે દેશને માટે ઉપયોગી નીવડી શકે એવા નિષ્ઠાવાન નાગરિકોનું ઘડતર કરવાની ક્ષમતા દેશના શિક્ષકો પાસે છે. ફક્ત જરૂર છે શિક્ષકોનું ગૌરવ કરવાની....

આમ ભારત જેવા સ્વતંત્ર દેશમાં ખરેખર શિક્ષક અને શિક્ષણનું અનન્ય મહત્ત્વ છે એ બંનેના સુનિયોજિત ઉત્થાન વડે જ દેશની ઉન્નતિ થઈ શકશે.

- રબારી કલવાતી એ. (રોલ નં. ૫૯) બી.એ. સેમ. ૩

## રાહ જોઉં છું........



હા બસ, તારો ચહેરો જોવાનો મળે,
એ દિવસ ક્યારે આવશે તેની જ રાહ જોઉં છું.
ચાંદની રાતના સપનાઓમાં બસ તને ઝંખવાની,
એ ઈચ્છા ક્યારે પૂરી થશે તેની જ રાહ જોઉં છું.
તારા હસતા ચહેરાને જોઈને મારા હોઠ પર હસી આવે,
એ પલ ક્યારે આવશે તેની જ રાહ જોઉં છું.
ઘણા દિવસો વીતી ગયા પણ મુલાકાતનો એક દિવસ ક્યારે આવશે,
એ સમયની જ રાહ જોઉં છું.
તારી યાદોમાં જ ખોવાયેલી રહું છું. પણ એ હકીકત ક્યારે બનશે,
એ મીઠી યાદોની જ રાહ જોઉં છું.
મારી કિસ્મત એ જ હકીકત પણ એ કિસ્મતને સાકાર કરવાની,
એ આશા પૂરી થાય તેની જ રાહ જોઉં છું.
તારી યાદોમાં વહેતા મારી આંખોનાં અશ્રુ ક્યારે બંધ થશે,
એ વિરહની વેદના દૂર થાય તેની જ રાહ જોઉં છું.
હા બસ, મને ખબર છે પણ તને મળવાની ઈચ્છા ક્યારે પૂર્ણ થાય,
હા બસ, હું એ મિલનની જ રાહ જોઉં છું.

- ઠાકોર જ્યોત્સના બી. (રોલ નં. ૩૫)

## નારી પરિચય
## : ઉષા મહેતા :

ઉષા મહેતા ૧૯૨૦માં સુરત જિલ્લાના એક ગામમાં જન્મેલા પદ્મવિભૂષણથી સન્માનિત થયેલાં સ્વાતંત્ર સેનાની હતાં. ઉષા મહેતા કોંગ્રેસ સમાજવાદી પક્ષનાં સભ્ય હતાં. ૧૯૩૦માં મીઠાનાં સત્યાગ્રહમાં બાળકોની વાનરસેનામાં જોડાયાં હતાં. ૨૦ વર્ષની વયે કોંગ્રેસના સ્વયંસેવિકા તરીકે જોડાયા હતા. ઉષા મહેતા અને તેમના સહયોગીઓએ સાથે મળીને ૧૯૪૨માં ભારત ચળવળ દરમિયાન ગર્ભગુપ્ત રેડિયો સ્ટેશન શરૂ કર્યું હતું. અને તેમાં ઉષા મહેતા ન્યૂઝ એનાઉન્સરની ભૂમિકા ભજવતાં. પરંતુ બહુ થોડા સમયમાં રેડ પડી અને ઉષા મહેતાની ધરપકડ થઈ. છ માસ સુધી તેમની ઝીણવટથી પૂછપરછ કરવામાં આવી. છેવટે ચાર વર્ષની જેલની સજા થઈ હતી. ૧૯૪૬ માં તેમને જેલમુક્ત કરવામાં આવ્યાં હતાં. આ પછી તેમણે મહાત્મા ગાંધીની ફિલોસોફી ઉપર ડોક્ટરેટની ડિગ્રી મેળવી અને મુંબઈ યુનિવર્સિટીમાં લેક્ચરર તરીકે જોડાયાં હતાં.



- રોહિત દિવ્યા (સમાજશાસ્ત્ર) સેમ : ૫

# ડૉ. નીરા દેસાઇ નારી વાદી દષ્ટિકોણ

ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના એક વખતના પ્રમુખ અને સ્ત્રીઅભ્યાસો દ્વારા સમાજશાસ્ત્રમાં પ્રદાન આપનાર સ્ત્રી પ્રતિભા નીરા દેસાઇનો જન્મ ૧૯૨૫માં થયો હતો. સ્ત્રી અભ્યાસોની માતા તરીકે બિરુદ પામેલ નીરા દેસાઇ તેમના સમગ્ર જીવનકાળ દરમ્યાન છેવટ સુધી સ્ત્રી જીવન વિશે લેખન કાર્યમાં કાર્યરત રહયાં હતાં. એક સ્ત્રી પ્રતિભા તરીકે ડૉ. નીરા દેસાઇની ભૂમિકાનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે આપ્યો છે.

(અ) સમાજશાસ્ત્રનું શિક્ષણકાર્ય : નીરા દેસાઇએ એમ.એ., પીએચ.ડી. સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. તેમણે એસ.એન. ડી.ટી. વિમેન્સ કોલેજ, મુંબઇમાં પ્રાધ્યાપક તરીકે લગભગ ૩૦ વર્ષ સુધી સમાજશાસ્ત્રનું શિક્ષણકાર્ય કર્યુ હતું. તેમના હાથ નીચે સમાજશાસ્ત્રનું શિક્ષણ અને તાલીમ મેળવીને ઘણી સ્ત્રીઓ એસ.એન.ડી.ટી. અને અન્ય કોલેજમાં સમાજશાસ્ત્રના અધ્યાપન અને સંશોધનક્ષેત્રમાં કાર્યરત બની છે. આથી સમાજશાસ્ત્રના વિષયનો વિકાસ થતો રહયો અને સ્ત્રીઓને સમાજશાસ્ત્રમાં શિક્ષણ અને તાલીમની વ્યાપક તક મળી તેમજ સમાજશાસ્ત્રમાં કારકિર્દી બનાવવામાં નીરા દેસાઇના સમાજશાસ્ત્રમાં શિક્ષણ અને માર્ગદર્શને મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

(બ) વિભિન્ન સંસ્થાઓમાં તજજ્ઞ સેવા :- ડૉ. નીરા દેસાઇ રાષ્ટ્રનાં પ્રથમ સ્ત્રી અભ્યાસ સંશોધન કેન્દ્રનાં સ્થાપક સભ્ય હતાં. આ સંસ્થામાં તેમણે ડાયરેકટર તરીકે સેવા આપી હતી. ૧૯૭૧ની ભારતીય સ્ત્રીના દરજ્જા વિષયક સમિતિના અધ્યક્ષ તરીકે સેવા આપી છે. સમાજશાસ્ત્રના અભ્યાક્રમોના ઘડતરમાં તેમણે મહત્ત્વનું પ્રદાન આપ્યું છે. સમાજશાસ્ત્રના અભ્યાસક્રમોમાં સ્ત્રી અભ્યાસોને સ્થાન આપવામાં તેમણે નોંધપાત્ર ફાળો આપ્યો છે. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ સોશ્યલ સાયન્સ રિસર્ચ સંસ્થામાં તેમજ સામાજિક વિજ્ઞાનોની સંશોધન સમિતિમાં અધ્યક્ષ તરીકે સેવા આપી છે.

(ક) સ્ત્રી અભ્યાસો દ્વારા સમાજશાસ્ત્રમાં પ્રદાન : - ભારતીય સમાજમાં સ્ત્રી જીવન : ગુજરાતી ભાષામાં ભારતીય સ્ત્રી જીવનને સળંગ અને સમગ્ર દષ્ટિથી સમજાવતું કોઇ એક પુસ્તક ઉપલબ્ધ નહોતું ત્યારે નીરા દેસાઇએ ૧૯૬૩ માં ''ભારતીય સમાજમાં સ્ત્રી જીવન'' પુસ્તક લખીને આ ખોટ દૂર કરી છે. તેમણે આ ગ્રંથમાં ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાંના ભારતીય સ્ત્રીના સામાજિક સ્થાનના વિવિધ પાસાનું વિશ્લેષણ અને વર્ણન કરીને ભારતીય સ્ત્રીના ભાવિ ઉપર પ્રકાશ પાડયો છે. સ્ત્રી અભ્યાસોમાં આ ગ્રંથ સીમાચિન્હ સમાન ગણાય છે.

''ભારતમાં સ્ત્રીઓનો દરજ્જો'' : આ પુસ્તક સ્ત્રીઓના દરજ્જા વિષયક રાષ્ટ્રીય સમિતિના અહેવાલનો સંક્ષેપ છે. ૧૯૭૧ માં ભારત સરકારે ભારતમાં સ્ત્રીઓના દરજ્જા સંબંધી એક સમિતિની રચના કરી હતી. આ સમિતિને ભારતમાં પરિવર્તન પામતી સામાજિક - આર્થિક પરિસ્થિતિના સંદર્ભમાં સ્ત્રીના દરજ્જા સાથે સંબંધિત બધા પાસાની સર્વગ્રાહી તપાસ કરવાનું કાર્ય સોપવામાં આવ્યું હતું તેની સાથોસાથ રાષ્ટ્રઘડતરમાં સ્ત્રીઓ પોતાની ભૂમિકા યોગ્ય રીતે ભજવવા શકિતમાન બની શકે તે માટે પગલાં સૂચવવાનું કાર્ય આ સમિતિને સોંપવામાં આવ્યું હતું. આ સમિતિ અધ્યક્ષ તરીકે નીરા દેસાઇએ આ કામગીરી કરી અને અહેવાલ ચીમાચિન્હ બની રહયો. સ્ત્રીના દરજ્જા અંગેનું વાસ્તવિક ચિત્ર આ અહેવાલમાં રજૂ થયું છે. સ્ત્રીનો દરજ્જો સુધારવા માટેના વિવિધ કાનૂની, શૈક્ષણિક, આર્થિક વિકાસ સ્ત્રી સ્વાસ્થ્ય વગેરેને લગતા પગલાંઓ માટે આ અહેવાલ માર્ગદર્શક બન્યો હતો. અને આજે પણ તેની એટલી જ પ્રસ્તુતા રહેલી છે.

અન્ય ગ્રંથો :- નીરા દેસાઇએ અન્ય ગ્રંથોનું સર્જનકાર્ય પણ કર્યુ છે. આવા ગ્રંથોમાં ભારતીય કુટુંબની સમસ્યાઓ, પલટાતી કુટુંબ વ્યવસ્થા અને સ્ત્રી જીવન ભારતમાં નારી ચળવળ, સ્ત્રી અભ્યાસો, જ્ઞાનની વિસ્તરતી ક્ષિતિજ, વગેરે ઉલ્લેખનીય છે.

સહલેખક અને સહસંપાદક તરીકેની ભૂમિકા : નીરા દેસાઇએ અન્ય સ્ત્રી સમાજશાસ્ત્રીઓ જેવા કે ઉષા ઠાકર, તૃપ્તિ શાહ અને વિભૂતિ પટેલ સાથે કેટલાક પુસ્તકોમાં સહલેખક તરીકે અને સહસંપાદક તરીકે ભૂમિકા ભજવી છે. સ્ત્રી અભ્યાસો સંબંધિત આવા પુસ્તકોમાં ભારતમાં સ્ત્રીઓ અને સમાજ, ભારતમાં નારી આંદોલન ભારતીય સ્ત્રીઓ, પરિવર્તન અને પડકાર, સ્ત્રીઓ અને રાજકારણ, સીમાચિન્હ ચુકાદાઓ સિધ્ધાંત અને વાસ્તવિકતા સ્ત્રીઓ અને વિગેરેનો સમાવેશ થાય છે.

અન્ય સમાજશાસ્ત્રીય પુસ્તકોમાં સહસંપાદક : નીરા દેસાઇ માર્કસવાદી સમાજશાસ્ત્રી અક્ષયકુમાર દેસાઇના પત્ની હતા તેમને પતિ સાથે કેટલાક પુસ્તકો સંયુકત કુટુંબ વ્યવસ્થા, ભારતની સમુદાય વિકાસ યોજના, ભારતની જ્ઞાતિ વ્યવસ્થા, કેળવણીનું સમાજશાસ્ત્ર, મહિલા શ્રમશકિત વગેરેનો સમાવેશ થાય છે.

- સોલંકી એશા જે. (રોલ નં. ૯૩) સમાજશાસ્ત્ર, સેમ.૫

# આપણાં સામાજિક દૂષણો

સમાજમાં સુખશાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે કેટલાક નિયમો બનાવવામાં આવે છે. આ નિયમો જે તે સમયની પરિસ્થિતિ પર આધારિત હોય છે, પરંતુ સમય જતાં તે રૂઢિ કે રિવાજ બની જાય છે. બદલાતા સમય સાથે સમાજની રૂઢિઓમાં ફેરફાર કરવામાં ન આવે તો તે દૂષણરૂપ બની જાય છે. આપણાં સમાજમાં આવા ઘણાં દૂષણો જોવા મળે છે.

દરેક જ્ઞાતિ અને સમાજમાં લગ્નનો રિવાજ હોય છે. લગ્ન પ્રસંગની ઉજવણી ખૂબ ધામધૂમથી કરવામાં આવે છે. જમણવાર, દહેજ, વાંકડા, પહેરામણી વગેરેમાં ભારે ખર્ચ કરવો પડે છે. પોતાની આર્થિક સ્થિતિ સારી હોય કે ન હોય, વ્યક્તિએ આ ખર્ચ તો કરવો જ પડે. પરિણામે તે દેવાદાર થઇ જાય જે વ્યકિત આવો ખર્ચ ન કરી શકે, તેની દીકરીને સાસરી પક્ષના લોકો મહેણાં મારે ઘણી વાર દીકરીને એટલો બધો ત્રાસ આપવામાં આવે કે, ત્રાસ સહન ન થતાં કોઇ વાર કોઇ છોકરી આપઘાત પણ કરી બેસે છે. આમ, લગ્નમાં દહેજ પ્રથા મોટું દૂષણ છે....

મરણોતર ક્રિયા પણ સમાજનું મોટું દૂષણ છે. કુટુંબીજનનું અવસાન થતાં તેની પાછળ દિવસો સુધી રડવા કૂટવાનો રિવાજ ખોટો છે. વળી મૃત વ્યકિત પાછળ જમણવારનો પણ મોટો ખર્ચ કરવો પડે છે. કોઇ પણ કુટુંબને માથે આ ખર્ચ એકાએક જ આવી પડે છે. તેથી એ કુટુંબનું દેવું કરીને મરણના પ્રસંગને જેમતેમ પાર પાડે છે..

આ ઉપરાંત જુગાર રમવો, દારૂપીવો, દાણચોરી કરવી, ભ્રષ્ટાચાર આચરવો, લાંચ લેવી કે આપવી વગેરે દૂષણો આજના સમાજમાં ઘર કરી ગયા છે.

સમાજમાં રહેલાં આવાં દૂષણોથી વ્યકિતનો અને સમાજનો વિકાસ રૂંધાય છે. વ્યકિત દેવાદાર થઇ જાય છે. સમજનું નૈતિક અધઃપતન થાય છે.

આજે લોકો શિક્ષણ મેળવતા થયા છે. તેથી કેટલાંક રિવાજોમાં ધીમે-ધીમે પરિવર્તન થઇ રહ્યું છે. આજે બાળલગ્નો અટકી ગયાં છે. પુનઃલગ્ન કરવાની પ્રથા પ્રચલિત થઇ છે. દીકરીને દૂધ પીતી કરવાનો રિવાજ નાબૂદ થઇ ગયો છે. કેટલાક લોકો લગ્ન કે મરણ પ્રસંગે મોટા ખર્ચ કરવાનું ટાળવા લાગ્યા છે. ઘણી જ્ઞાતિઓમાં સમૂહલગ્નના પણ આયોજન થવા લાગ્યા છે. કેટલાંક સુશિક્ષિત યુવાન ભાઇ-બહેનો દહેજ આપવા લેવાનું હવે સ્વીકારતા નથી.

આમ છતાં, સામાજિક દૂષણો પૂરેપૂરા નાબૂદ કરવા માટે આપણે હજી ઘણું કરવું પડશે. ટી.વી., રેડિયો, છાપાં જેવા માધ્યમો આ દૂષણો વિરુદ્ધ વાતાવરણ નિર્માણ કરવામાં ખૂબ ઉપયોગી થઇ શકે તેમ છે. વળી લોકો સુશિક્ષિત થાય તો સમાજમાં આપો આપ ઘણું પરિવર્તન આવી શકે.

આપણે સામાજિક દૂષણોથી દૂર રહેવાનો સંકલ્પ કરીએ....

- પટેલ ધારાબેન એ.

(ટી.વાય.બી.એ.-સેમ-૫) સમાજશાસ્ત્ર

# વિકાસની યોજનાઓ અને સ્ત્રીનો દરજજો - સ્ત્રીઓનો દરજજો સુધારવામાં વિકાસનો ફાળો



ભારતના બંધારણમાં સ્ત્રી અને પુરુષ બંનેને સમાન હકો અને તકોની ખાતરી આપી છે. આને અનુલક્ષીને ભારત સરકારે સ્ત્રીઓને પુરુષ સમકક્ષ અધિકારો આપતા કાયદા ઘડીને અમલમાં મુકયા છે. પંચવર્ષિય યોજનાઓમાં સ્ત્રી-વિકાસના, સ્ત્રી કલ્યાણનાં ઘણાં પગલાંઓ પણ લેવામાં આવ્યાં છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિના છેલ્લાં ૪૫-૫૦ વર્ષો દરમ્યાન સ્ત્રી કલ્યાણ અને સ્ત્રીઓના સર્વાંગી વિકાસની બાબતને પંચવર્ષિય યોજનાઓ અંગ તરીકે ગણવામાં આવી છે. સ્વાતંત્ર્ય પછી સમાજના બધા જ ક્ષેત્રોમાં વિકાસ થયો છે, એવું માનવું મુશ્કેલ છે. પણ તેની અસર સ્ત્રીઓ પર જોવા મળે છે. સ્ત્રીઓ માટે સરકાર 'બેટી બચાવો બેટી પઢાઓ''' આંદોલન કરી રહી છે. કારણ કે ભારતમાં સ્ત્રીઓનું પ્રમાણ બહુ ઓછું છે. સ્ત્રીઓ માટે સરકારે ઘણા લાભો યોજે છે. પણ સ્ત્રીઓને કે બાળકીઓને જન્મ આપતા નથી. આથી સ્ત્રીભૃણ હત્યા થાય છે. સ્ત્રીઓનો દરજજો આજે પણ નીચો જ જોવા મળે છે. પુરુષ સમકક્ષ કે સમાન હોવો જોઇએ પણ હજુ એ શકય બન્યુ નથી.

સરકારે સ્ત્રીઓ માટે અનેક કાર્યક્રમો કે કાયદાઓ યોજનાઓ અમલમાં મૂકી છે. આર્થિક કાર્યક્રમો શૈક્ષણિક વિકાસના કાયક્રમો સમાજ કલ્યાણલક્ષી કાર્યક્રમો આધુનિક કાર્યક્રમો એમ ઘણી વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.

સ્ત્રીઓનું પ્રમાણ હજુ પણ ઓછું છે સ્ત્રીઓને બાળહત્યા કે ભૃણહત્યા કરવામાં આવે છે. સ્ત્રીઓને લગ્ન, કુટુંબ, મિલકત, આર્થિકક્ષેત્રે, રાજકીયક્ષેત્રે શિક્ષણ ક્ષેત્રે પુરુષ જેટલા જ અધિકારો સ્ત્રીઓને મળવા જોઇએ પણ હજુ તે શકય બન્યું નથી. અને પરિવર્તન આવ્યું નથી.



સ્ત્રીઓ માટેના ઘણાં રાષ્ટ્રીય પંચો અમલમાં મૂકવામાં આવ્યા છે. નેશનલ કમિશન ફોર વુમન ૧૯૯૦ ના નામે ઘડવામાં આવી છે. આ રાષ્ટ્રીય પંચો સ્ત્રીઓ માટે ઘડવામાં આવ્યા છે. મહિલા જાગૃતિ શિબિર, મહિલા સંમેલનો, નારી ગૌરવ દિન એટલે કે નારી ગૌરવની નીતિ-૨૦૦૬ માં ગુજરાત સરકારે અમલમાં મૂકી છે.

સ્ત્રીઓનો દરજજો હિંદુ ધર્મમાં અનેક ધર્મોમાં સ્ત્રીઓનો દરજજો જોવા મળે છે. સ્ત્રીઓના દરજજા સાથે સંકળાયેલી સમસ્યાઓ દહેજ, છૂટાછેડા, કૌટુંબિક વિસંવાદિતા સ્ત્રીઓ માટે રક્ષણ પૂરું પાડતા કાયદાઓ ઘડવામાં આવ્યા છે. આ કાયદામાં ભરણ-પોષણ અને વારસાના હકકો ઘણા કાયદાઓ જોવા મળે છે. નારી અભ્યાસો પણ ઘડવામાં આવ્યા છે. - સોલંકી એશા જયેન્દ્રસિંહ (બી.એ : સેમ-૫, રોલ નં. ૯૩) સમાજશાસ્ત્ર

# ડૉ. તારાબેન પટેલ – ચરોતરનો દિપક

ગુજરાતમાં સમાજશાસ્ત્રના શિક્ષણનાં પુરસ્કર્તા તારાબેન પટેલે સમાજશાસ્ત્ર ક્ષેત્રે આપેલા પ્રદાનનો પરિચય મેળવતાં પહેલાં તેમનાં જન્મ અને કુટુંબ તથા શિક્ષણનો પરિચય મેળવવો ઉપયોગી બનશે. ડૉ. વિમળ પી. શાહે તારાબેન પટેલના જીવન અને સમાજ શાસ્ત્રમાં પ્રદાનનો પરિચય 'સમકાલીન ગુજરાતી સમાજ'માં આપ્યો છે. સમાજશાસ્ત્રમાં પ્રદાન આપનાર સ્ત્રી પ્રતિભા તરીકે તારાબેન પટેલનો પરિચય આપ્યો છે. તારાબેનનો જન્મ પૂર્વ આફ્રિકાના યુગાન્ડાના એક નાના ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ નારણભાઇ હતું. નારણભાઇ ગુજરાતના ખેડા જિલ્લાના સુણાવ ગામના વતની હતા. અહીં માતાની છત્રછાયામાં સંયુકત કુટુંબ ભાઇ-બહેનોનો ઉછેર થતો અને શિક્ષણ મળતું. પ્રાથમિક શિક્ષણ દરમિયાન નાના સાથે વીતાવેલા બાળપણના અનુભવોની અસર તારાબેનનાં વાણી, વર્તન અને વ્યવહાર ઉપર પડી હતી. માધ્યમિક શિક્ષણ વડોદરાની મહારાણી હાઇસ્કૂલમાં મેળવ્યું ૧૯૩૬ માં મેટ્રિકની પરીક્ષા પસાર કરી કોલેજ શિક્ષણ બરોડા કોલેજમાંથી મેળવ્યું. તેમણે ૧૯૪૧માં ગુજરાતી અને અંગ્રેજી સાથે બી.એ. ઓનર્સની પદવી પ્રાપ્ત કરી. ૧૯૪૪ માં ગુજરાતી અને સંસ્કૃત સાથે એમ.એ. ની પદવી મેળવી. કોલેજ શિક્ષણ મેળવ્યા બાદ તેમણે વતનના ગામ સુણાવની હાઇસ્કૂલમાં માનદ શિક્ષક તરીકે સેવા આપી. પરંતુ તેમની ઇચ્છા વધુ અભ્યાસ માટે અમેરિકા જવાની હતી. તે સમયે કન્યાને અભ્યાસ માટે વિદેશમાં મોકલવાનું સરળ નહોતું. સમાજ શાસ્ત્રનું ઉચ્ચ શિક્ષણ અમેરિકા અને ઈંગ્લેન્ડમાં મેળવ્યું. તારાબેને અહીં ભારતમાં અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃત વિષયોનું શિક્ષણ મેળવ્યું હતું. તેમણે ૧૯૪૮-૫૪ દરમિયાન પીએચ.ડી. નો અભ્યાસ કર્યો. પીએચ.ડી.ની પદવી માટે '૧૯૦૦-૧૯૫૦ ના ગાળામાં પચાસ વર્ષ દરમિયાન ભારતીય સ્ત્રીઓનો સામાજિક દરજજો' વિષય પર મહાનિબંધ લખ્યો. ગુજરાત યુનિવર્સિટીએ ૧૯૫૪ માં સમાજ વિજ્ઞાન ભવન તથા ભાષા અને સાહિત્ય ભવન એવા બે અનુસ્તાનક શિક્ષણના ભવનો શરૂ કર્યા હતા. આ સમયે ગુજરાતમાં સમાજશાસ્ત્રના શિક્ષણની સગવડ એમ.એસ. યુનિવર્સિટીમાં હતી. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ભાવનગરની શામળદાસ કોલેજમાં સમાજશાસ્ત્રના શિક્ષણની સગવડ માત્ર બી.એ. પુરતી સીમિત હતી. આ દ્વારા વિદ્યાર્થીઓને સર્વેક્ષણ સંશોધન કાર્યમાં સહભાગી બનાવ્યા. આ સર્વેક્ષણના અહેવાલ ગુજરાતમાં ભિખારીઓ અંગેનો કાયદો ઘડવામાં ઉપયોગી બન્યો હતો.

- પટેલ રાજલ એમ. : સેમ-૫ (રોલ નં. ૮૫) સમાજશાસ્ત્ર

# ગુજરાતમાં વસુબેન અને ઈલાબેન ભટ્ટનું પ્રદાન

### વસુબેન :-

બહુવિધ ભૂમિકા ભજવીને ગુજરાતની સ્ત્રી પતિભા તરીકે ઉભરી આવેલાં વસુબહેને મહિલા ગૌરવ એવોર્ડથી નવાજવામાં આવ્યાં હતાં. વસુબહેનના પિતા વડોદરા રાજયના પોલિટીકલ સેક્રેટરી હતા. વસુબેને કારકિર્દીનો પ્રારંભ કર્યો તે પહેલાં સ્વાતંત્ર્ય ચળવળમાં ભૂગર્ભ પ્રવૃત્તિમાં સક્રિયા ભૂમિકા ભજવી હતી.

વસુબહેનને સમૂહસંચાર ક્ષેત્રમાં, સમાજકલ્યાણ ક્ષેત્રમાં તેમજ સાહિત્યક્ષેત્રે ધ્યાનાકર્ષક ભૂમિકાઓ ભજવી છે. આ ભૂમિકાઓનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે આપ્યો છે.

વસુબહેન સ્નાતકની પદવી પ્રાપ્ત કરીને શિક્ષણક્ષેત્રેમાં જોડાયાં. પરંતુ તે અનુકૂળ ન લાગતાં તેઓ સમૂહ માધ્યમ એવા આકાશવાણીમાં પ્રોગ્રામ એક્ઝિક્યુટિવ તરીકે જોડાયાં. સફળ કામગીરીને લીધે તેમને રેડિયો સ્ટેશન ડિરેક્ટર તરીકે બઢતી મળી. આ હોદ્દા પર રહીને તેમણે અમદાવાદ, વડોદરા અને રાજકોટ આકાશવાણીના કેન્દ્ર નિયામક તરીકેની ભૂમિકા ભજવી. આ ભૂમિકાના વિભિન્ન પાસા આ મુજબ છે.

- અસરકારક કાર્યક્રમોનું સર્જન કર્યુ. અને તેનું પ્રસારણ કર્યુ.
- રેડિયોના માધ્યમને લોકાભિમુખ અને લોકપ્રિય બનાવ્યા.
- તેમના કાર્યક્ષેત્ર હેઠળના અમદાવાદ, વડોદરા અને રાજકોટ આકાશવાણી કેન્દ્રોના વિકાસ કર્યો. અને મૌલિક કાર્યક્રમોનું સર્જન કરીને તેનું પ્રસારણ કર્યુ.
- આકાશવાણીના વિવિધ મૌલિક કાર્યક્રમોના સર્જન અને પ્રસારણ બદલ તેમને ઘણાં પારિતોષિકો મળ્યા. રેડિયો કાર્યક્રમોને જીવંત બનાવવાની તેમની વિશિષ્ટ ભૂમિકા બદલ સંસ્કાર એવોર્ડથી નવાજવામાં આવ્યાં.
- આકાશવાણીના કેન્દ્ર નિયામક પદથી નિવૃત થયા બાદ આ પદ પરથી તેમની ભૂમિકાની કદર કરીને ગુજરાત સરકારે વસુબહેનને સમાજકલ્યાણ સલાહકાર બોર્ડના અધ્યક્ષપદે નિયુક્ત કર્યાં. આ સ્થાન પર રહીને તેમણે નીચેની મહત્ત્વની ભૂમિકા ભજવી.
- સમાજકલ્યાણ બોર્ડને ચેતનવંતુ અને વેગવાન બનાવ્યું.
- ગ્રામિણ વિસ્તારોમાં જનજાગૃતિનું અભિયાન ચલાવ્યું.
- કચ્છની સરહદ પરથી સ્ત્રીઓમાં જાગૃતિ વિકસાવી.
- સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કામ કરતી અગ્રિમ સંસ્થા ગુજરાત સ્ત્રી કેળવણી મંડળનાં પ્રમુખ તરીકે સેવા આપી.

વસુબહેને સાહિત્યક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન આપ્યું છે. વાર્તા સંગ્રહોનું સર્જન, એકપાત્રીય નાટકનું સર્જન, આમ સાહિત્યક્ષેત્રોમાં પણ વસુબહેન એક સ્ત્રી પ્રતિભા તરીકે ઉભરી આવ્યા. સાહિત્ય ક્ષેત્રમાં તેમના પ્રદાનની કદરરૂપે ૧૯૬૪ માં તેમને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ભગિની નવોદિના પુરસ્કારથી નમાજવામાં આવ્યાં.

### ઈલાબેન ભટ્ટ :-

ઈલાબેન ભટ્ટનું નામ Sewa (Selft-Employed Women's Association) સાથે સંકળાયેલું છે. મજૂર મહાજન સંઘના નેજા નીચે ૧૯૭૧ માં રચવામાં આવેલ Sewa એક સ્ત્રીઓનું સંગઠન છે. આ સ્ત્રી સંગઠન અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી સ્વાશ્રયી એટલે કે સ્વરોજગારી મેળવતી ગરીબ સ્ત્રીનું સ્વાયત્ત સ્ત્રી સંગઠન છે. આ સ્વાયત્ત સ્ત્રી સંગઠન સ્ત્રીઓ દ્વારા સંચાલિત, સ્ત્રીઓના આર્થિક ઉત્કર્ષ અને સશક્તિકરણ માટે કામ કરતું સંગઠન છે. આ સંગઠનના સ્થાપક ઈલાબેન ભટ્ટ છે. આ સંગઠન Sewa -સેવાના ટૂંકા નામથી જ ઓળખાતું રહ્યું છે.

આ સ્ત્રી સંગઠનના પ્રમુખ અરવિંદ બુચ હતા અને મંત્રી તરીકે ઈલાબહેન ભટ્ટ કામ કરતાં. આ સંગઠનને ઈલાબેનના અથાગ પ્રયાસોથી ઈન્ડિયન ટ્રેડ યુનિયન એક્ટ હેઠળ વ્યાવસાયિક સંગઠન તરીકે કાનૂની માન્યતા મળી. આ સંગઠન મજૂર મહાજન સંઘના એક વિભાગ તરીકે ઈલાબેનના માર્ગદર્શન અને પ્રયાસો દ્વારા વિકાસ પામતું ગયું. ૧૯૮૧ માં સેવા મજૂર મહાનથી અલગ થયું. અને ઈલાબેન તેના મહામંત્રી બન્યાં.

ઈલાબેનની જન્મભૂમિ અને કર્મભૂમિ અમદાવાદ છે. કારકિર્દીનો પ્રારંભ સુરતમાં. પિતા અને કાકા વકીલ હતા. માતા અખિલ હિંદ મહિલા પરિષદમાં સક્રિય હતાં. ઈલાબેને બી.એ., એલ.એલ.બી. સુધીનું શિક્ષણ મેળવ્યું હતું.

કોલેજમાં શિક્ષણ મેળવતાં હતાં ત્યારે તેમની કોલેજને સેન્સરની પ્રિ-ટેસ્ટની કામગીરી સોંપાઇ હતી. કોલેજે વિદ્યાર્થીઓની સહાયથી આ કામ હાથ ધર્યુ. અહીં તેમને ગરીબ માછીમારોનો પ્રત્યક્ષ અનુભવ થયો. જે સમાજ કાર્ય માટે કર્મશીલમાં હોવી જરૂરી છે. આ કામગીરી દરમિયાન વર્ગસાથી રમેશ ભટ્ટ સાથે મૈત્રી થઇ, જે લગ્નમાં પરિણમી.

અભ્યાસ પૂરો કર્યા પછી ઈલાબહેન મજૂર મહાજન સંઘમાં જોડાયાં. અહીં મજૂરોના પ્રશ્નો અંગેના કેસોથી વકીલાતનો આરંભ કર્યો. ૧૯૬૯માં કોમી હુલ્લડો થયા. તેમાં ઘણા મિલ કામદારો અસરગ્રસ્ત બન્યા. આવા મિલકામદારો મજૂર મહાજન સંઘની કચેરીમાં મદદ માટે આવતા. અસરગ્રસ્ત મિલકાદારોનું સર્વેક્ષણ કરવાની કામગીરી ઈલાબહેનને સોંપવામાં આવી. આ કામગીરી મિલકાદારોની જીવન પરિસ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ થયો.






પરમાર વનીતા
સમાજશાસ્ત્ર, સેમ-૫

# માતા

જે [illegible]ણી લાગણીને, વિચારોને સમજી શકે તે માતા છે...
આપણે [illegible] મુશ્કેલીમાં હોઈએ અને વાત કહી શકીએ તે માતા છે...
આપણે મ[illegible] કોઈ પણ વાત કરવી હોય તો કરી શકાય તે માતા છે...
આપણા પર વહાલ વરસાવે તે માતા છે....
આપણો પડછાયો તે માતા છે....
આપણ[illegible]ઃખમાં દુઃખી અને આપણા સુખમાં સુખી તે માતા છે...
[illegible]નું સરોવર અને સુખનું સરનામું તે માતા છે....



[illegible]નવી ભુવેલા (રોલ નં. ૨) ગુજરાતી, બી.એ. સેમ-૫

# દોસ્તી



જીવનની અમૂલ્ય ભેટ છે
મિત્રો દોસ્તી...
એક આત્મા અને બે શરીર છે
મિત્રો દોસ્તી...
કહ્યા વગર બધું સમજી જાય તે છે
મિત્રો દોસ્તી...
ખરાબ માર્ગથી સારા માર્ગે લઈ જાય તે છે
મિત્રો દોસ્તી...
દોસ્તી એટલે જીવ માંગો તો જીવ મળે
એ મિત્રો છે દોસ્તી...
પૈસાથી તો માણસ ખરીદાય
મિત્રો દોસ્તી નહીં....

- વાઘડીયા સુનિલ
(ગુજરાત - બી.એ., સેમ-૫)

# સમય

મિત્રો સમય ચાલ્યો જાય છે.
ઓળખાય તો ઓળખી લેજો
ઝડપથી સમય ચાલ્યો જાય છે.
દિન ગયા વર્ષો ગયા જિંદગી ચાલી જાય છે.
સમય ચાલ્યો જાય છે.
આજ કરશું, કાલ કરશું
કરતાં કરતાં સમય ચાલ્યો જાય છે.
કોઈનો સારો, કોઈનો ખરાબ
ઓળખાઈ જાય તો સરસ મજાનો
સમય ચાલ્યો જાય છે.
કોઈથી રોકયો રોકાતો નથી
કે નથી કોઈથી પકડાતો
રોકાય તો રોકી લેજો
સમય ચાલ્યો જાય છે.

સોલંકી અજય ગુજરાતી
(રોલ નં.૨૩)
બી.એ. સેમ-૫

# કુદરત તારું અર્પણ....


કેટલું અદ્દભુત છે, કુદરત તારું અર્પણ,
આપ્યો છે તે દિવ્ય દેહને દર્પણ.
અનુપમ સૃષ્ટિ સર્જન છે તારું સમર્પણ.
જીવનકાળમાં છે બાળપણ, યૌવન ને ઘડપણ
કોમળને મસ્તમોજી છે બાળપણ
ત્યારે યૌવનમાં છે, ઘણું શાણપણ
જયારે ઘડપણમાં છે, ભર્યુ ડહાપણ
સૌ માનવજન કરે છે તારું સ્મરણ
તું છે વિશ્વકર્મા, તું જ જ્ઞાની સંપૂર્ણ
અનુપમ છે આ તારું સૃષ્ટિ સર્જન પૂર્ણ.
ઝાડ-પાન ને ફૂલ રંગ-સુંગધમાં તારું વહેણ
નિજ પર્વત ને ઉપર આભ સમેત
દિશા વર્ણવી તેં ચારેકોર
શોધે છે તેને કયાં કયાં આ જગત માનવી
તું છે, પ્રકૃતિ માંહિ તે કયાં કોઈએ જાણી,
ઉપકારી છું, હું તમારી જે સ્થાન પામી તમ ખોળા માંહિ..
- પારેખ રુચિતા (ગુજરાતી બી.એ. સેમ : ૫)



તા. ૨૪/૦૮/૧૭ ને ગુરુવારના રોજ એ.ડી. ગોરવાલા બ્લડ બેંક, કિષ્ના હોસ્પિટલ, કરમસદ દ્વારા પેટલાદ કોલેજ ખાતે રક્તદાન (Blood Donation) જાગૃતિ અંગેનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. 'રક્તદાન જાગૃતિ' અંગે વ્યાખ્યાન આપતા એ.ડી. ગોરવાલા બ્લડ બેંક, કિષ્ના હોસ્પિટલ, કરમસદના ડૉ. હિમાંશુ પટેલ અને શ્રી પંકજભાઈ સિમ્બાચિયા તથા માઈક્રો બાયોલોજી વિભાગના અધ્યક્ષ પ્રો. બી.ડી. જોષી



B.A.-B.SC. SEM-1 ના વિદ્યાર્થીઓને ટેબલેટનું વિતરણ કરતા સંસ્થાના આચાર્યશ્રી ડૉ. વિમલ જોશી તથા અન્ય મહાનુભાવો.



'ઉડિશા' અંતર્ગત 'પર્સનાલિટી ડેવલપમેન્ટ' વિષય પર વક્તવ્ય આપતા તજજ્ઞ વક્તા...



૫મી સપ્ટેમ્બર, સ્વયંશિક્ષક દિને વર્ગશિક્ષણ કાર્ય કરતો વિદ્યાર્થી



PGDC ના વિદ્યાર્થીઓ દ્વારા સ્વયંશિક્ષક દિનની ઉજવણી



ગરબા મહોત્સવ-૨૦૧૭ પ્રસંગે માતાજીની આરતી ઉતારતાં નિર્ણાયકો શ્રીમતી અરુણાબેન ચોકસી અને તૃપ્તિબેન ત્રિવેદી તથા અન્ય મહાનુભાવો.

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' એ વિદ્યાર્થીઓનાં જોમ અને ઉત્સાહ–શક્તિ દ્વારા સમાજમાં ઊંચા શિખરોસર કરી, તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ, કાવ્યો તથા અન્ય કૃતિઓ જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચાર્યું છે તેને તેઓ એ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્નો કર્યો છે. આ ઉત્તાન માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો અથવા ઇ-મેઇલથી જણાવશે.

vsjoshi69@gmail.com

– સહતંત્રીશ્રી

(Printed Matter) **BOOK POST**

To ____________________

____________________

____________________

____________________

From :

આચાર્યશ્રી
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ – ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬